

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ઘસ્યો બજેટનો ચિરાગ, ને 'જીન' હાજર છે,
બજેટ વિધાનસભા ચૂંટણીનું ચાર્જર છે.
'હુકમ, આક્કા!' પ્રધાનશ્રી 'આપી ઘો નોકરીઓ...'
લપોડજી ફૂંકો શંખ, 'આ સોનાનું ગાજર છે...'
(નોકરીઓ નો રાફડો ફાટશે!)

### હાઈકુ

લ્યો! બાધી દીધા!
ધંધા-રસ્તા-પુલોના
હવાઈ કિલ્લા!
(સ્વપ્ન પાંખે ઉભા કરો)

બદલાવશે ?!
શું મારું પણ 'નામ'!
થાય છે ચિંતા !
('સ્ટેચ્યુ ઓફ યુનિટી' ની ચિંતા)

### ચિંતન

**અપાણિપાદો જવનો ગ્રહીતા, પશ્યત્યચક્ષુઃ સ શ્રૃણોત્યકર્ણઃ ।
સવેત્તિ વૈદ્યં ન તસ્યાસ્તિ, વેત્તા તમાહુરન્યં પુરુષં મહાન્તં ॥**

ઉપરોક્ત શ્લોક શ્વેતાશ્વેતરોપનિષધમાંથી લેવામાં આવેલ છે.

તે પરમાત્મા હાથ-પગ રહિત હોવા છતાં સઘળું ગ્રહણ કરનાર તથા વેગપૂર્વક સર્વત્ર ગમન કરનાર છે, આંખો વિના જ તે સઘળું જુએ છે, કાન વિના બધું જ સાંભળે છે, જાણવા યોગ્ય બધી જ વસ્તુઓને તે જાણે છે, પરંતુ કોઈ જાણનાર નથી. જ્ઞાની પુરુષો તેને મહાન આદિપુરુષ કહે છે.

જે પરમ તત્ત્વનું નિરુપણ શબ્દો દ્વારા થઈ શકતું નથી, તેનું વર્ણન શ્રુતિ, ઈતિહાસ, પુરાણ આદિમાં કેટલીવાર અવળવાણી દ્વારા કરવામાં આવે છે. આ મંત્રમાં ઋષિ એ જ આદિપુરુષ, પરમાત્માની એ જ રીતે વિચિત્ર વસ્તુના રહસ્યના સંકેત વડે ઝાંકી કરાવવાનો પ્રયત્ન કરે છે.

### સુવિચાર

- તન જેટલું ફરતું રહે એટલું 'સ્વસ્થ' રહેશે!!
  અને મન જેટલું સ્થિર રહે એટલું 'મસ્ત' રહેશે...!! - **જીવન પાથેય**
- શબ્દ અને સમયનો ઉપયોગ લાપરવાહી સાથે ન થાય તે જરૂરી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે હૃદય અને મન બંને શાંતિમાં હોય છે
  ત્યારે સ્વાભાવિક રીતે જ આરામ મળી રહે છે - **અખંડ આનંદ**
- સફળ શિક્ષણ સફળ જીવનનો પાયો છે - **રોહિત પટેલ**
- સિદ્ધાંત કરતાં સહકાર અને બહુમતિ કરતાં સહમતિ શ્રેષ્ઠ છે - **શાંતિ સૌરભ**
- ઠોકરો નહીં ખાવ તો કેવી રીતે ખબર પડશે કે તમે પથ્થરના બનેલા છો કે કાચના ? - **આશુતોષ રાજગુરુ**
- આજનું ઔષધ : અનિયમિત માસિકની પીડામાં બહેનોને સૂકવેલી દાડમની છાલનું ચૂર્ણ એક ચમચી સવાર-સાંજ લેવાથી નિયમિતતા જળવાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બે માણસો કાર લઈને જતા હતા અને વરસાદને કારણે કાર એક કાદવ ભરેલા મોટા ખાડામાં ફસાઈ ગઈ. એક ખેડૂત બળદગાડુ લઈને નીકળ્યો. તેને મદદ માટે વિનંતી કરી. ખેડૂતે કહ્યું ભૂરિયાની મદદ લેવી પડશે. ભૂરીયો એના વૃદ્ધ બળદનું નામ હતું. ખેડૂતે દોરડું કાઢી ગાડી સાથે અને બીજા બળદ ગાડા સાથે બાંધ્યું અને જોર જોરથી બુમ પાડવા લાગ્યો. 'કાળિયા... ખેંચ... ભૂરિયા ખેંચ...' ખેડૂતે થોડો સમય બૂમ પાડી ત્યાં ભૂરિયાએ કારને બહાર ખેંચી કાઢી. પેલા બે જણને નવાઈ લાગી એણે ખેડૂતને સવાલ પૂછ્યો, 'તમે કહ્યું કે મારા બળદનું નામ ભૂરિયો છે... તો તમે કાળિયા ખેંચની બૂમો પાડતા હતા. ભૂરીયા ખેંચ એવું પણ કહેતા હતા ! તો આ કાળિયો કોણ છે?' ખેડૂતે કહ્યું, 'સાહેબ, મારો આ ભૂરિયો બળદ અંધ અને વૃદ્ધ છે. તેને ખબર નહોતી કે હું એકલો જ કાર ખેંચી રહ્યો છું. જેવું એણે કાળીયા બળદનું નામ સાંભળ્યું. એ મારો જૂનો બળદ હતો જે ભૂરિયાનો સાથી હતો. એટલે તે પોતાનું સર્વશ્રેષ્ઠ બળ લગાવવા લાગ્યો. એને એવો અહેસાસ થયો કે હું એને કાળીયો થઈને ખેંચી રહ્યા છીએ.' આપણી સાથે આપણી જેવા ઘણા લોકો છે. તો આપણામાં એક પ્રકારની સલામતી, ઉત્સાહ અને આત્મવિશ્વાસ આવી જાય છે અને આપણે દિલાજાનથી મહેનત કરવા લાગીએ છીએ.

# બંગાળનો જંગ ખરાખરીનો છે

**તંત્રીસ્થાનેથી...**

જયાં સુધી ધાર્યું નિશાન પાડે નહીં ત્યાં સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જંપ વળતો નથી તે હવે કોઈથી છૂપી બાબત નથી. દેશને 'કોંગ્રેસમુક્ત' કરવાના અભિયાનમાં ભારતીય જનતા પાર્ટી ભલે 'કોંગ્રેસયુક્ત' થઈ જાય, પણ કોંગ્રેસનું તો ઉઠમણું થઈ જ ગયું છે. મોદીને હવે કોંગ્રેસ કરતાં પણ વધુ પડકાર પશ્ચિમ બંગાળની 'વાઘણ' તરફથી સાંપડી રહ્યો છે. એટલે એમની તમામ તાકાત તેઓ ભ્રષ્ટ તૃણમૂળ કોંગ્રેસને ઉખાડી ફેંકવામાં લગાવી રહ્યા છે. એ માટે એમણે એક પછી એક પ્રતિભાશાળી પ્રાદેશિક નેતાઓને, ગીરમાંથી કોઈ નેસમાં ભૂલો પડી ગયેલો સાવજ ઘેટાં-બકરાં કે વાછરડાંને ઉઠાવી જઈ મારણ કરે એમ મમતા દીદીના વાડામાંથી ઘણા બધાને ઉઠાવી લીધા છે. મૂળે કચ્છી માડુ દિનેશ ત્રિવેદી અને છેલ્લે ભાજપમાં સામેલ થયેલ વિસરાયેલા અભિનેતા મિથુન ચક્રવર્તી સુધી આ મારણનો દોર ચાલ્યો છે. મૂળે પ્રશ્ન પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી સામે મૂકવા લાયક ભગવા ચહેરાનો છે. મોદી-શાહે 'પરિવર્તન'નું બ્યૂગલ ફૂંક્યું છે અને તે સાંભળવા બંગાળી પ્રજાની ભારે ભીડ પણ એકટી કરતા રહ્યા છે. પણ મમતા બેનરજી એમ સહેલાઈથી હથિયાર હેઠાં મૂકી દે એ વાતમાં માલ નથી. 'પરિવર્તન' ની અહાલેક પોકારતા વડાપ્રધાનને એ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ગેલ સિલિન્ડર સાથેની પદયાત્રા યોજીને એમની જ ભાષામાં જવાબ આપે છે. પરિવર્તન તો જરૂર થશે, પણ એ બંગાળમાં નહીં - દિલ્હીમાં, અર્થાત્ મમતા એમ માને છે કે મોંઘવારી તથા સરકારી એકમો વેચાઈ રહ્યાં છે એવા મુદ્દે પ્રજા કેન્દ્રની મોદી સરકારને ઉથલાવી દેશે. મોદીથી મોટો કીમિયાગર નેતા કદાચ દીવો લઈનો શોધવા જતાં પણ જડે કે કેમ તે પ્રશ્ન છે. મોદીએ કેરળમાં શ્રીધરનને મુખ્યમંત્રી પદનો ચહેરો બનાવી મેદાનમાં ઉતાર્યા છે. તમિલનાડુમાં એમને સુપર સ્ટાર રજનીકાંત પર મદાર રાખ્યો હતો પણ તે પાણીમાં બેસી ગયા છે. બંગાળમાં ભાજપનો જે ચહેરો ખૂટતો હતો તે ક્યાંથી લાવવો ? વચ્ચે સૌરવ ગાંગુલીની વાત ચાલી, પણ એનું સ્વાસ્થ્ય નબળું છે અને બંગાળની પ્રજાને ઉઘાડપગા નેતાની જરૂર હતી. સામ્યવાદીઓના અઢી દાયકાના શાસનને ઉથલાવીને મમતા બેનરજી સત્તારૂઢ થયાં હતાં તે એમની સાદગી અને પ્રજાલક્ષી પ્રવૃત્તિને કારણે. મિથુનદા દીદીના પેંગડામાં પગ ઘાલી શકશે કે કેમ તે પ્રશ્ન છે. ડાયલોગ બોલવાથી દેશના અન્ય પ્રદેશો પ્રભાવિત થઈ શકે પણ પક્ષપલકો કરીને ફાઈવસ્ટાર લાઈફ સ્ટાઈલ વાળો ફિલ્મી હીરો સીધો મુખ્યમંત્રીનો ઉમેદવાર બની ચૂંટણી મેદાનમાં ઊતરે તો એનો વિચક્ષણ બંગાળી પ્રજા કેટલો સ્વીકારે તે પ્રશ્ન છે. મિથુન કહે છે કે હું કોઈ જળસર્પ નથી, હું તો કોબ્રા છું - ડંખ મારીશ તો રામ રામી જશે! મિથુનના આ ફાંકામાં બંગાળી મતદારો કેટલો ભરોસો દાખવે છે તે આપણે જાણતા નથી. મોદી-શાહની મજબૂર છે કે તેઓ દિનેશ ત્રિવેદી જેવા નીવડેલા નેતાને મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે આગળ ધરી શકે એમ નથી. મમતાએ પાણી પહેલાં પાળ બાંધી દીધી છે કે 'ગુજરાતીઓ' બંગાલ પર રાજ કરે તે બંગાળી પ્રજા કયારેય સહન નહીં કરી શકે. સવાલ બંગ-અસ્મિતા અને મોદી-કરિશ્માનો છે. ટકરામણ પણ આ બે તાત્ત્વો વચ્ચે થવાની છે. મમતા બેનરજીએ બેઠક બદલી છે. ગુજરાતી વસતિ ધરાવતી ભવાનીપુરની બેઠક છોડીને તે નંદિગ્રામની બેઠક પરથી ચૂંટણી પડી રહ્યાં છે. મોદી-શાહ-ત્રિવેદીની ત્રિપુટનો ભય તો એમને છે જ. પરંતુ આખરે એ બંગાળી વાઘણ છે. કોબ્રા વાઘણને ડંખ મારે છે કે વાઘણ કોબ્રાનો કચ્ચરઘાણ વાળે છે તે જોવું રસપ્રદ બની રહેશે.

# શિવની આરાધના કલ્યાણકારી અને મંગળકારી છે



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'ઘણા લાંબા સમયથી સોમનાથ મહાદેવના દર્શને નથી ગયા, હવે તો જવું જ જોઈએ.... સાહજિકરુપે બોલાયું ને મિત્રોએ જવાબ આપ્યો કે, 'આ વિચારને દાદાનો જ હુકમ માનો, હવે તો બને તેટલા વહેલાં પહોંચી જઈએ એ દિવ્ય અને ભવ્ય સ્વરુપના દર્શને.'

સમગ્ર ભારત ભૂમિ તીર્થભૂમિ છે, એણાં પવિત્ર યાત્રાધામ સોમનાથ દ્વાદર્શ જયોતિર્લિંગમાં પ્રથમ ગણાય છે. રાષ્ટ્રની સર્જનશીલતા અને સંસ્કૃતિના સ્વાભિમાનનું પ્રતિક છે સોમનાથ, ભક્તિનું અને શિલ્પ-સ્થાપત્યની કલાનું પરમ ધામ છે શ્રી સોમનાથ મહાદેવ. વિશ્વભરના કરોડો ભક્તો માટે શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર છે શ્રી સોમનાથ મહાદેવ. એમની જ કૃપાથી અવાર-નવાર દર્શનનો અને સ્વર - શબ્દ પ્રસ્તુતિનો શુભ અવસર મળે છે એ મારા માટે પરમ ધન્યતાની અનુભૂતિ છે.

પ્રાચીન - ઐતિહાસિક, પવિત્ર ક્ષેત્રમાં બિરાજે છે શ્રી સોમનાથ મહાદેવ. આ ક્ષેત્રમાં જ આવેલું છે ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય નિજધામ પ્રસ્થાન લીલાનું પરમ પવિત્ર ધામ.

જાણીતી કથા અનુસાર ચંદ્રએ ભગવાન શંકરના સ્વયંભૂ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવનું પૂજન કર્યું અને શિવાલય બન્યું સોમનાથ.

સમયના બદલાતા પ્રવાહો સામે અડિખમ ઊભું છે આ મંદિર. શ્રી સોમનાથ ટેમ્પલ ટ્રસ્ટ અને રાજયના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અહીં આવતા યાત્રિકોની સુવિધા માટે રહેવાની - ભોજનની - સ્નાન અને શૌચાલયની સ્થાનિક આવન-જાવન માટે વાહનોની, અનેક પ્રકારના યાત્રિક ઉપયોગી પ્રકલ્પોની, પ્રસાદની, પૂજા-સેવાની, એમ વિધવિધ પ્રકારની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. આર્થિક રીતે નબળો માણસ અહીં આવે તો પણ એને સંતોષ થાય એવી સાવ નજીવા દરે તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. સવારે ૬ થી રાત્રે ૧૦ દરમિયાન યાત્રિકો દાદાના દર્શન કરી શકે છે.

રેલવે સ્ટેશનથી યાત્રિકોને લાવવા વિનામૂલ્યે બસ સુવિધા, શૌચાલયો, લોકર રુમ, ચંપલ મુકવાની વ્યવસ્થા, શ્રી રામમંદિર ઓડિટોરિયમ, સાઉન્ડ એન્ડ લાઈટ શો, ટુરીસ્ટોને સમયે સમયે માહિતી આપતું માહિતી કેન્દ્ર, વાહન પાર્કીંગ, વેઈટીંગ રુમ, પબ્લીક એડ્રેસ સિસ્ટમ, સોવેનિયર શોપ, સત્સંગ હોલ જેવી અનેક આધુનિક સુવિધાઓ દર્શનાર્થીઓ માટે અહીં ઉપલબ્ધ છે.

સમયે સમયે ટ્રસ્ટ દ્વારા માનવતાના - અધ્યાત્મના - સામાજિક સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થતું રહે છે.

દેશ-વિદેશના ભક્તો ઓનલાઈન સોમનાથ મહાદેવના અભિષેક, દર્શન, આરતી અને હવે તો ઘરે બેઠા પ્રસાદ લાભ પણ પામી શકે છે.

શિવરાત્રીનું પર્વ આવે એટલે હૈયું જાણે સોમનાથના દર્શને જવા માટે થનગની ઊઠે. વાતાવરણમાં ગુંજતો ઓમ નમઃ શિવાયનો નાદ ચિત્તને શાંતિ આપે અને તન-મન એકાકાર થઈ જાય શિવ તત્ત્વમાં શિવ સ્વરુપમાં.

શિવના મુખ્ય આઠ સ્વરુપ આપણે ત્યાં માનવામાં આવે છે, જેમાં ભવ, શર્વ, રૂદ્ર, પશુપતિ, ઉગ્ર, સહમહાન, ભીમ, ઈશાનનો સમાવેશ થાય છે.

રુદ્ર એટલે શિવ અને જે પાઠ દ્વારા રુદ્રની પૂજા થાય તેને રુદ્રી કહેવાય. રુદ્રીના આઠ અધ્યાય છે. જેમાં રુદ્રની આઠ મૂર્તિઓનું વર્ણન છે.

ૐકાર શિવજીના પાંચ મુખોથી ઉત્પન્ન થયેલો મનાય છે. ઉત્તર મુખથી આ-કાર, પશ્ચિમ મુખથી ઉ-કાર, દક્ષિણ મુખથી મ-કાર, પૂર્વ મુખથી બિન્દુ અને મધ્ય મુખથી નાદ ઉત્પન્ન થયો છે. આમ પ્રણવના મૂળમાંથી જ શિવ પંચાક્ષર મંત્ર ઉત્પન્ન થયો છે ૐ કાર અથવા ૐ નમઃ શિવાય મંત્રના જાપથી શાંતિ મળે છે. શિવ કૃપાથી યક્ષરાજ કુબેર પણ ધન્ય થયા છે. પરમ કૃપાળુ અને દાતા ભગવાન શિવની કૃપા થાય તો જીવનમાં સઘળાં દુઃખો દૂર થાય છે. શિવની આરાધના કલ્યાણકારી અને મંગળકારી છે. શિવ તત્ત્વમાં લીન થઈએ ત્યારે વૈરાગ્યના અને શિવ ઉપાસનાના ઉત્સવના દીવડા ઝળહળે છે ને અજવાળા રેલાય છે.

# મેં તુલસી તેરે આંગન કી...



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

ગૃહિણી સુખી છે
એના હોઠ પર તરતુ રહે છે સ્મિત
ગાઈ બજાવીને કહે છે કોઈ જો કડવા વચન
ગૃહિણી ખોટું નથી લગાડતી
ફક્ત માથું નમાવી દે છે
થાકતી નથી એ કોઈ દિવસ
વહેલી સવારે જ્યારે દુનિયા ગાઢ નિદ્રામાં હોય છે
ત્યારે એના સ્વપ્નમાં આવે છે ઝાડું.
ગૃહિણી સપનામાં ઝાડું કાઢતી રહે છે
ગૃહિણીને જ્યારે કોઈ પૂછે છે તે કેમ છે
કેવો છે ઘર-સંસાર ત્યારે ગૃહિણી કહે છે સારા છે બધા
બહુ ધ્યાન રાખે છે મારું આમ કહીને
ભાગે છે ગૃહિણી મોઢું દબાવીને નળ તરફ,
મોં ધોઈને ગૃહિણી જ્યારે પાછી આવે છે ત્યારે
એના હોઠ પર તરતું રહે છે સ્મિત
ગૃહિણી બહુ સુખી છે.
માત્ર નળ તરફ દિવસમાં ઘણીવાર જાય છે.

- વિનોદ દાસ

વિનોદ દાસની ''ગૃહિણી'' કવિતા સંવેદનાઓને હલાવી નાખે એવી છે. લખતાં પહેલાં વિચાર આવ્યો કે આ કવિતા જ્યારે લખાઈ હતી તે સમય આજથી પચાસ વર્ષ પહેલાંનો એટલે કે ૧૯૬૦ કે ૭૦ના દશકની દુનિયાનો છે. એક આદર્શ ગૃહિણી અને સતત દુઃખમાં રહેતી સ્ત્રીની જે વાત કહેવામાં આવી છે. આ વાત આજે કેટલી સુપાચ્ય રહેશે? આજે ગૃહિણીને ઝાડું કાઢવાની જરૂર નથી. વેક્યુમ ક્લીનર અને કામવાળી બાઈઓ આવી ગઈ છે. ''દીકરી ને ગાય દોરે ત્યાં જાય''વાળો સમય જતો રહ્યો છે આજે ''દીકરી ને ગાય માથું મારીને ખાય'' એવા દિવસો આવી ગયા છે. ત્યારે આ કવિતા આજના પરિપ્રેક્ષ્યમાં વાસ્તવિક નથી લાગતી, પણ પછી વિચાર્યું કે ઝાડું કાઢવું એ ગૃહિણી માટે કઠિન કામ નથી.આ કામ ત્યારે પણ મુશ્કેલ નહોતું આજે પણ મુશ્કેલ નથી. સવાલ ઝાડું કાઢવાનો નથી પણ ગૃહિણીને જે રીતે ટ્રીટ કરવામાં આવે છે તેનો છે. આટલી વાત સાંભળતા તરત જ નારીવાદીઓ ગેલમાં આવી જશે. ગઈકાલે 'વુમન્સ ડે' ઉજવાઈ ગયો. ટીવી ચેનલ કે રેડિયો પર વુમન્સ ડેના નામે પુરુષોના મુકાબલે સ્ત્રીઓ સમાજમાં કેટલી આગળ વધી, તેની વાતો જોરશોરથી ચાલતી હતી ત્યારે એવો વિચાર આવે કે સ્ત્રીઓ દ્વારા સમાજ કેટલો આગળ આવ્યો તે જોવાની બદલે નારી સમાજમાં પુરુષોને પાછળ રાખી કેટલી આગળ વધી છે તેનું આકલન કરવાની જાણે હોડ લાગી હતી. કહેવાતા નારીવાદીઓ શા માટે પોતાની જાતનું અવમૂલ્યન પોતે જ કરતા હશે?

ગૃહિણી જેવો પવિત્ર દરજ્જો સ્ત્રીનો બીજો કોઈ હોઈ જ ન શકે. ગૃહિણીના પત્ની, માતા, દીકરી, કાકી, મામી નણંદ, જેઠાણી, દેરાણી આ બધા જ સંબંધ તેની સાથે સંકળાયેલા છે. સાચી ગૃહિણી ખરેખર કોણ છે? સિરિયલોમાં આવતી સન્નારીઓ મોટી મોટી ઈમિટેશન જ્વેલરી પહેરીને ભપકાદાર સાડીઓ પહેરીને ઘરમાં ફરતી ગૃહિણીઓ છે. સુરજ બડજાત્યાની અને કરણ જોહરની ફિલ્મોમાં મમ્મીની ભૂમિકા ભજવતી મોંઘા સેલા પહેરીને શાકને સુધારતી હોય છે ગૃહિણી છે, જેનું બાળક માતાના ખોળાની બદલે બાબાગાડી અને આયા દ્વારા જ મોટું થયું હોય છે.શું આ બધી ગૃહિણીઓ છે? ના. આ તો બધી માત્ર સ્ત્રીઓ છે.

જેની સાડી રસોડામાં હળદર જીરૂ અને મસાલાથી રંગાયેલી હોય. મા હોય તો એની સાડી નાના બાળકે ભીની કરી હોય ઉનાળામાં ઘઉંની ગૂણો સાફ કરીને દિવેલ દઈને ટીપમાં ભરતી ગૃહિણી, રાજાપુરી કેરીના અલગ-અલગ અથાણા બનાવે, ચંદામામા બનાવીને આપણી થાળી સજાવી દે, ગરમાગરમ ખીચું જે ખાવું આપણને ગમે છે. તેના પાપ બનાવીને તડકે સુકવવા, બટાકાની કાતરી પાડીને તડકે સુકવવી, ગૃહિણી માટે આ બધી પ્રવૃત્તિ એક્સ્ટ્રા એક્ટિવિટી હોય છે. રોજીંદા કામકાજ પર ઉપરાંતની છે.

તો વળી આની સાથે સાથે આજની જરૂરિયાતોને પહોંચી વળવા, પતિ સાથે ખભેખભો મેળવીને ઓફિસમાં કે વ્યવસાયમાં પણ એટલી જ આગળ છે. આખો દિવસ ઓફિસમાં કામ કરીને રાતની રસોઈ કરીને થાકીને લોથપોથ થઈ જતી ગૃહિણીઓ ઘરની બહાર અને ઘરમાં બંનેના કામ વચ્ચે તાલમેલ સાધવાનું કામ કરતી ગૃહિણી ઘરના કામકાજમાંથી અને બહારના કાર્યોમાં પણ એટલી જ કુશળતાપૂર્વક કર્તવ્ય બજાવે છે.

આજીવન મૂક બનીને પતિ, સાસુ-સસરા, સંતાનો વચ્ચે પીસાતી રહે છે. પોતાની અંગત અભિવ્યક્તિ, સંવેદનાઓ આ બધુ જ પરિવારમાં ભેળવી દે છે. પછી પોતાનું અંગત કશુ ન રાખતા પોતાના અસ્તિત્વને પરિવારમાં જ ભેળવી દે છે. પરિવારના યજ્ઞમાં આહુતિ આપી દે છે. પરિવાર માટે કરોડરજ્જુ સમાન બને છે. ઘરના નાના-મોટા કામકાજ સાથે-સાથે સામાજિક વ્યવહાર પણ સંભાળે છે.

આપણે એવું માનીએ છીએ કે ઘરની બહાર જઈને પુરુષ દુનિયા સામે બાથ ભીડીને પૈસા કમાઈ લાવે છે તે ખૂબ મોટું કામ છે. આ જ કારણે ઘરની નાની મોટી જવાબદારીઓ ગૃહિણી પણ પર ઢોળી દેવામાં આવે છે. ધીરે બધા કામ તેને માટે ફરજિયાત બની જાય છે. ગૃહિણી પણ વળી પછી આ બધી જવાબદારી હસતા મુખે સ્વીકારે છે અને સામે અપેક્ષા રાખે છે માત્ર થોડા પ્રેમ અને આદરની. જ્યારે આ થોડામાં પણ કચાશ રહી જાય ત્યારે તે વ્યાકુળ થઈ ઉઠે છે. એક બાજુ એની અંદર રહેલો એક સ્વતંત્ર સ્ત્રીનો આત્મા બળવો પોકારતો હોય છે. જ્યારે એક ગૃહિણી તને આમ કરતા રોકે છે. આ પરિસ્થિતિમાં તે અંદરથી હલી જાય છે. તેની નાની નાની અપેક્ષાઓની પણ અનસૂની થઈ જાય, તેને કોઈ સમજી ન શકે ત્યારે તે મૂંઝાઈ ઊઠે છે.

આપણા ઘરમાં ચાલતા દેવીપુંજ-તેજપુંજ સમી ગૃહિણીને આપણે અજાણતા પણ દુભાવતા તો નથી ને ! આપણા ઘરની ગૃહિણીની કોઈપણ વણકીધી વાત સમજીએ ત્યારે જ ખરા અર્થમાં women's dayનમેં તુલસી તેરે આંગન કી ઉજવણી કરી કહેવાશે. ઘરના આંગણામાં તુલસી પૂજનીય અને પવિત્ર ગણાય છે. દરેક રોગમાં તુલસી અકસીર ઈલાજ છે. ધાર્મિક કાર્યો તુલસી વગર થઈ શકતા નથી. ઘરની બહાર આંગણામાં જેવું સ્થાન તુલસીનું છે, તેવું જ સ્થાન ગૃહિણીનું ઘરમાં હોવું જોઈએ.

માતા, બહેન, પત્ની, સહકાર્યકારિણી, કાર્યસ્થળે કોઈપણ વર્ગની મહિલા કાર્યકર્ત્રીને માત્ર આજે જ નહીં કાયમ સન્માનની દૃષ્ટિથી નવાજીએ. અને એટલું જ નહીં જાહેર સ્થળો પર કે અન્ય સ્થાનો પર આપણી અભિવ્યક્તિ દ્વારા જ સ્ત્રી માત્રને હેપી વુમન્સ ડે કહ્યા વગર તે મહિલાઓ આપણી ચેષ્ટા અને વર્તણૂક દ્વારા જ મહિલા પ્રત્યેની શુભેચ્છાઓ સમજી જાય ત્યારે આવા કોઈ ક દિવસની ઉજવણીની આવશ્યકતા નહીં રહે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# નૃત્ય-સંગીતને આંતરિક ઉર્જાની અભિવ્યક્તિનો કોસ્મિક પાવર કેમ કહેવાય છે?



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ક્યારેય વિચાર્યું છે કે, ફિલ્મોમાં વાર્તા સાથે ગીત, સંગીત અને ડાન્સના સેગમેન્ટ કેમ હોય છે? ટીવી ઉપર વુગી વુગી, નચબલીયે, સારેગમ જેવા ડાન્સ શો કેમ પોપ્યુલર બન્યા છે ? માનવીના જીવન સાથે નૃત્યકળા અને ગીત સંગીતનો અતુટ નાતો રહ્યો છે. આ નાતો ઔપચારિક કે ઉપરછલ્લો હોત તો બહુ લાંબો ટક્યો જ ન હોત. નૃત્ય અને સંગીત એક કોસ્મિક પાવર છે. આધ્યાત્મિક ચેતના તેની સાથે સાંગોપાંગ જોડાયેલી હોય છે. આનંદની અભિવ્યક્તિનું ઉત્તમ માધ્યમ નૃત્ય છે. માનવીના જન્મથી માંડીને સહજીવનની શરૂઆત, ધાર્મિક ઉત્સવ કે સામાજિક પ્રસંગોનો ઉલ્લાસ નૃત્યના માધ્યમથી મહેંકતો હોય છે. વાસ્તુ, શિલ્પ, સંગીત, ચિત્ર અને કાવ્ય પાંચ લલીતકલાઓનો આપણા જીવન સાથે પ્રગાઢ સંબંધ છે. આ પાંચેય કલામાં પોતાની મધુરતા, સાહજિકતા અને પ્રભાવશાળીતાના કારણે નૃત્ય-સંગીત કલાનો વિશેષ મરતબો છે.



સંગીત કલા સાથે નૃત્ય કલાની સાધના સંકળાયેલી છે. સંગીત અને નૃત્યકલા એક એવો સાહજિક આધ્યાત્મિક માર્ગ છે કે જેના દ્વારા વ્યક્તિ સાધક બની ઈશ્વરની સમીપ પહોંચી જતો હોય છે. ઓશોના મતે નૃત્યમાં એવી અદભુત તાકાત હોય છે કે, વ્યક્તિ સ્વનું અસ્તિત્વ ઓગાળી પરમાત્મામાં લીન થઈ જતો હોય છે. મહાપ્રભુ ચૈતન્ય અને પ્રેમદીવાની મીરા જેવા અનેક ઉદાહરણો નૃત્યકલા સાધનાની સહજ સમજ આપે છે.

કટકના એક સંગીતપ્રેમી પરિવારમાં જન્મેલી સંગીત વિશારદ શ્રીમતી સુપ્રભા મિશ્રા સંગીત કલાની ઉપાસના માટે ઓમ આર્ટસ ડાન્સ એકેડેમીની સ્થાપના કરીને બાળકોને તાર્કિક દ્રષ્ટિકોણથી વૈજ્ઞાનિક ઢબે પદ્ધતિસરનું નૃત્ય શિક્ષણ આપી રહ્યાં છે. એમણે નૃત્ય કલાને બરાબર પચાવી છે. સુપ્રભાજીએ ઓડિસી નૃત્યની વિસ્તૃત સમજ આપતું 'ભારતીય નૃત્યલ્ર ઉપર સુંદર જ્ઞાનસભર પુસ્તક લખ્યું છે. સુપ્રભા મિશ્રા ન કેવળ એક કુશળ નૃત્યાંગના છે બલ્કે ઊંચા ગજાના શબ્દ સર્જક પણ છે. એમણે માત્ર નૃત્ય સાધના ન કરી પણ એમના સંપર્કમાં આવનારા અનેકને નૃત્ય કલાનું જ્ઞાન પીરસ્યું છે. કટકમાં એમણે શ્રી રઘુનાથ દત્તાજી પાસેથી નૃત્ય કલાનો અભ્યાસ કર્યો. પદ્મભૂષણ કેલુચરણ મહાપાત્રજી અને શ્રી ગંગાધર પ્રધાનજી પાસેથી ઉચ્ચ નૃત્યકલાનુ પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું. સુપ્રભાજીની સંગીત સાધના પ્રેમ અનન્ય છે.

આમ તો માનવ સાભ્યતામાં નૃત્ય કલાનો પ્રવેશ ક્યારે થયો તેનું ચોક્કસ આકલન કરવું મુશ્કેલ છે પરંતુ કેટલાક પૌરાણિક ગ્રંથોના સહારે નૃત્ય કલા સાધનાને સમજવાનું રસપ્રદ બની જાય છે. યુરોપમાં ઈસવીસન પૂર્વે ૨૫૦૦ વર્ષ પહેલાં નૃત્યના આવિષ્કારનું પ્રમાણ મળે છે. ભારતમાં નૃત્યના પ્રવેશનુ ચોક્કસ કોઈ પ્રમાણ નથી પરંતુ જુદા જુદા શાસ્ત્રીય પુરાવાઓના આધારે એવું અનુમાન કરવામાં આવે છે કે નૃત્ય એક અતિ પ્રાચિન કલાના રૂપમાં સેંકડો વર્ષોથી પ્રસિદ્ધ છે.

કહેવાય છે કે, ભારતમાં આર્યો, કાસ્પિયન સાગરથી પ્રવેશ્યા. જો કે, ઈતિહાસકારો અને પુરાતત્વવિદોનો આ અંગે મત મતાંતર છે. ઈસવીસન પૂર્વે ૩૦૦૦ વર્ષો પહેલાં સિંધુ નદીના કિનારે વસેલી હરપ્પા અને મહોન-જો-દરો સંસ્કૃતિમાં નૃત્ય અને ગીતના સચોટ પુરાવા જોવા મળ્યા છે. મહોન-જો-દરોમાં ઉત્ખનન દરમિયાન મળેલા ક્ષતિગ્રસ્ત સ્તુપોમાંથી એક વાંસળી મળી હતી જેમાં સાત છિદ્ર હતા. આ ઉપરાંત ઉત્ખનન વેળા વીણા, ચામડાનું વાદ્ય, તાંબાની નૃત્ય કરતી મહિલા વગેરે પ્રાપ્ત થયા છે. ડૉ. લક્ષ્મણ સ્વરૂપ કહે છે કે, મહોન-જો-દરોમાંથી પ્રાપ્ત નૃત્યની મુદ્રા, ઢોલ વગાડતા નર, તથા હરપ્પાના ખોદકામ વેળા વાઘ સામે નગારું વગાડતા પુરુષની પ્રતિમા તત્કાલિન સમયમાં નૃત્યકલાની લોકપ્રિયતા પ્રતિપાદિત કરે છે.

હવે એથી પણ આગળ રોમાંચિત કરી દે એવા વેદકાલીન સમયમાં નૃત્ય કલા અંગેના ઉલ્લેખની વાત કરીએ. ઋગ્વેદ ભારતનો પ્રાચીન દસ્તાવેજ છે. વેદ શબ્દનો અર્થ જ જ્ઞાન થાય છે. હિન્દુ સમાજનો વિશ્વાસ છે કે, વેદનું નિર્માણ મનુષ્ય નહી સ્વયં પરમેશ્વરના મુખમાંથી નીકળેલી વાણીથી થયું છે. ઋકસંહિતાની રચનાનો કાળખંડ ઈસવીસન પૂર્વે ૨૦૦૦થી ૧૫૦૦ની વચ્ચેનો હોવાનું અનુમાન છે. વૈદિક યુગમાં નૃત્ય, ગીત, વાદ્યના વિકાસના પ્રમાણ મળે છે. ઋગ, યજુર્વ, સામ અને અથર્વ ચારેય વેદમાં ગીત-સંગીત અને નૃત્યનાં સુપેરે ઉલ્લેખ જોવા મળે છે. ઋગ્વેદની એક ઋચા છે, 'હે નૃતવો નૃત્યંતઃ, હે રીકન બક્ષ્ય સઃ વોચમાનાક્ષરણં નૃતમાનો નૃત્વન્નમરતો મરણાધર્મા સત્વ બસમાનંહ્ન. જ્યારે સામવેદમાં 'ગાય ગીતિં કુરુ, તત્ર દૃષ્ટાંતઃ વંશમિવ યથા વંશાગ્ને નૃત્યંતઃ શિલ્પનઃહ્ન જેવા ઉલ્લેખો જોવા મળે છે. પ્રોફેસર શિલમાલેના મત અનુસાર વૈદિક યુગમાં સંગીતકલા પૂર્ણરૂપથી વિકસી હતી. ઋગ્વેદમાં યુવતીઓ અલંકારો પહેરીને નૃત્ય કરીને પ્રિયજનને આકર્ષિત કરતી હોવાનું પ્રમાણ જોવા મળે છે.

વૈદિક કાળખંડ બાદ આદિકવી વાલ્મિકી રચિત મહાકાવ્ય રામાયણમાં સંગીત-નૃત્યકલાના ઉલ્લેખો જોવા મળે છે. ૨૪૦૦૦ શ્લોક અને સાત ખંડમાં વિસ્તરેલા આ મહાકાવ્યમાં સિયાવર રામચંદ્રજીના રાજ્યાભિષેક વેળા કરેલા વર્ણનમાં નટ, નર્તક, ગાયકો અને ગીતો સાથે મનભાવન કાવ્ય સર્જનની વાત છે. ત્યારબાદ ૯૦,૦૦૦ શ્લોક અને ૧૮ સર્ગમાં પથરાયેલા મહાભારતમાં આચાર્ય વેદવ્યાસજીએ પણ નૃત્યકલાનું વર્ણન કરેલું છે. આ કથા યુગપુરુષ શ્રીકૃષ્ણની છે. એમનો શૈષવકાળ, કિશોરાવસ્થા, યુવાનીના વિવિધ પ્રસંગોમાં નૃત્ય, ગીત સંગીતના પાસા ઉઘડતા જોવા મળ્યા છે. આ ઉપરાંત અર્જુને અમરાવતીમાં વિતાવેલા પાંચ વર્ષો દરમિયાન ગાંધર્વો પાસેથી નૃત્ય ગીત-સંગીતનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોવાનું વર્ણન પણ જોવા મળે છે.

ઈસવીસન પૂર્વે ૬૦થી ૩૦૦ સુધીનો કાળખંડ બૌદ્ધ સંસ્કૃતિનો યુગ તરીકે ઓળખાય છે. એ સમયગાળામાં થયેલા આચાર્ય વિષ્ણુ ગુપ્ત ચાણક્યએ આપેલા કૌટિલ્ય નામના વિરાટ ગ્રંથ અર્થશાસ્ત્રમાં નૃત્ય, ગીત-સંગીતના પ્રસ્તુતકર્તાને આપવાના પુરસ્કાર અંગેનો ઉલ્લેખ મળે છે. આ ઉપરાંત ગુપ્તવંશના રાજાઓની કવિસભામાં હરિસેન અને વીરસેનના નામથી સૌ કોઈ પરિચિત છે. વિક્રમાદિત્ય ચંદ્રગુપ્તના દરબારના નવરત્નોમાં કાલિદાસનુ નામ પ્રચલીત છે. ઋતુસંહાર અને મેઘદૂત મહાકાવ્ય અને પ્રાચિન રઘુવંશ અને કુમાર સંભવ કાલિદાસની અમર રચનાઓ છે. એમના આ સર્જનમાં નૃત્ય, ગીત, સંગીતના ઘણા ઉલ્લેખો છે. હરિવંશકાર ગંધર્વ અર્થમાં, સ્કંધ પુરાણમાં, બ્રહ્મપુરાણમાં નૃત્યકલાના સંદર્ભો સાંપડે છે.

આદિ-અનાદિકાળથી નૃત્ય, ગીત અને સંગીતનો માનવ સભ્યતા ઉપર પ્રભાવ જોવા મળે છે. ત્યાર બાદ જળમાર્ગે આવેલા વાસ્કો-ડી-ગામાના ભારતવર્ષમાં પ્રવેશ બાદ પાશ્ચાત્ય દેશો સાથે ભારતના વેપાર વણજ વિકસયા પરંતુ બીજી બાજુ અંગ્રેજોનું સામ્રાજ્ય સ્થપાયા બાદ એમણે ભારતીય નૃત્ય કલા અને સંગીતકલા ક્ષેત્રે ખૂબ ઉદાસીન વલણ દાખવ્યું. ભારતીય નૃત્ય કલાનો વર્ષ ૧૯૨૨માં પુનઃઉદય થયો. જાણીતા બેલે ડાન્સર અન્નાયા ભલોભા ભારત આવ્યા. એ અજંટા-ઈલોરાની ગુફાઓના પ્રવાસે ગયા. ત્યાંના નૃત્ય આધારીત શીલ્પ સ્થાપત્યથી એ અત્યંત મંત્રમુગ્ધ બની ગયા. સુંદર કમનીય નૃત્ય અદાઓને નાટ્યરૂપ આપવા એ થનગની ઊઠ્યા. ઈંગ્લેન્ડ જઈને એમણે વિલિયમ રોઈનસ્ટાઈનને એક સહકલાકાર માટે અનુરોધ કર્યો. એ વખતે ઉદયશંકર રોયલ કૉલેજ ઑફ આર્ટસના વિદ્યાર્થી હતા. અન્નાયાભલોભાએ ઉદયશંકરને એમના ડાન્સ ગ્રુપમાં સામેલ થવા નિમંત્રણ આપ્યું. ઉદયશંકરે ભારતીય નૃત્ય શૈલીનો પ્રસાર કર્યો અને હિન્દુસ્તાની નૃત્યના પુનઃ ઉદયના શિલ્પી બન્યા. શાસ્ત્રો, ઈતિહાસ, પુરાણો અને સંસ્કૃતિ સાક્ષી છે કે સંગીત અને નૃત્ય એક કલા તો છે જ પરંતુ એથી પણ આગળ વધીને સંસ્કાર અને સાધનાનું પવિત્ર માધ્યમ છે.

**ધબકાર : નૃત્ય હાથ પગના ઉલાળા માત્ર નહી આત્માની આંતરિક ઊર્જાની અભિવ્યક્તિનુ માધ્યમ છે.**